ગાંધીનગર સમાચાર

તા. ૧૬-૧-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### ગંગા સફાઈના નામે લોલંલોલ કયાં સુધી?

ગંગાને ભારતીય લોકમાનસ નદી કરતાં ઘણી મહામૂલી ધાર્મિક જણસ તરીકે સ્વીકારે છે. કાકા સાહેબ કાલેલકર એને 'લોકમાતા' કહી બિરદાવે છે, તો શાસ્ત્રોમાં ગંગાને 'કલિમલહારિણી' નું બિરુદ પ્રાપ્ત થયેલું છે. ગંગાસ્થાનનો દરેક હિંદુને મન વિશેષ મહિમા છે. સ્નાન તો દૂર, ગંગાનાં દર્શનથી જ પાપ ધોવાઈ જતાં હોવાની માન્યતા છે. મોક્ષદાયિની ગંગાના અવતરણની રોમહર્ષક કથા જાણીતી છે. મકરસંક્રાતિના જ દિવસે ઉન્નાવ - કાનપુરની ગંગામાં એક સામટી એકસો ચાર લાશોનો ખડકલો સરજાયો, તે દશ્ય કમકમાટી ઉપજાવે એવું છે. એ પછી ઝાંસીમાં પણ લાશો મળી આવી છે. કૂતરાં, કાગડા અને ગીધ એ લાશોને ચૂંથતાં રહ્યાં પરંતુ ઉત્તરપ્રદેશ સરકારના વહીવટીતંત્રનું એ તરફ ધ્યાન મીડિયાએ દોર્યું અને કેન્દ્ર સરકારે રાજય પાસે રિપોર્ટ માગ્યો ત્યારે જ બધા ઊંઘમાંથી જાગીને કશુંક અજુગતું થઈ ગયું હોવાનો અનુભવવા લાગ્યા. ગંગાની આ દુર્દશા માટે ઉત્તરપ્રદેશની પ્રજા કે સરકાર જ જવાબદાર છે, એવો આક્ષેપ કરી છૂટી જવાથી ગંગા આપણને માફ નહીં કરે. એની આવી અવદશા પાછળ આપણી પ્રદૂષિત માનસિકતા કારણભૂત છે. જે ગંગાને આપણે મોક્ષદાયિની અને પાપનાશિની ગણી, એ જ ગંગામાં આપણે હજારો વર્ષોથી આપણાં મળમૂત્ર વહેવડાવતા રહ્યા છીએ. કાનપુરના કતલખાનાનું લોહી બારોબાર ગંગામાં સમાઈ જાય છે અને ગંગા કિનારે વસેલા દરેક ગામ કે શહેરની ગટરની ગંદકી છેલ્લે ગંગાને હવાલે થતી હોય છે. એક તરફ આ જ ગંગાનું 'ગંગાજળ' મરતા માણસના હોઠ પર ટોવાની પરંપરા છે, તો બીજી તરફ ગંગા કિનારે મૃતદેહોને આંશિક અગ્નિદાહ આપી અડધાં પડધાં બળેલાં મડદાં નદીમાં ધકેલી દઈ હજારો વર્ષથી આપણે એ પવિત્ર જળને પ્રદૂષિત કરતા રહ્યા છીએ. પરંપરા અને ધર્મના નામે ચાલતા રહેતા આ પાપ સામે શાસન પણ લાલ આંખ કરી શક્યું નથી. હરદ્વારમાં હરકી પૌડી ખાતે ગંગા આરતી કરીને પુણ્યનાં પોટલાં બાંધવાને હિંદુ માનસનો પુરુષાર્થ નદીમાં ફૂલો અને દીવા વહેવડાવાથી થતાં પ્રદૂષણનો પ્રારંભ છે. દિવંગત સ્વજનોનાં અસ્થિનું ગંગામાં જ વિસર્જન કરવાથી એમનું સાચું તર્પણ થઈ શકે, એ પરંપરાગત માન્યતામાંથી આપણે બહાર આવવું પડશે, ધર્મનાં નામે આપણે ધર્મસ્થાનો અને ધર્મસરિતાને ગંદી કરીએ છીએ, એ શું જઘન્ય અપરાધ નથી? આપણે ભારતીય પ્રજા તરીકે આ અક્ષમ્ય અપરાધ બદલ ગંગાજીની ક્ષમાયાચના કરવી જોઈએ એમ નથી લાગતું? ગંગામાં મળી આવેલી લાશો પૈકી કૈટલીક લાશો શંકાસ્પદ પણ લાગી છે. બની શકે કે વેરની વસૂલાત કરવા કોઈએ કત્લેઆમ ચલાવીને મડદાં નદીમાં વહેવી દીધા હોય. આવી ફોગાઈ ગયેલી, ગંધાતી લાશોની ઓળખ પ્રસ્થાપિત કરવાનું કામ પણ ઘણું અઘરું છે. પરંતુ 'ન્યુઝ નેશન' પર આ સ્ટોરી પ્રસારિત થતાં જ ઉત્તર પ્રદેશ સરકારના વહીવટીતંત્રે ઉતાવળે સ્થળ પર પહોંચી જઈ એ મડદાંના સામૂહિક અગ્નિ સંસ્કારની તજવીજ શરૂ કરી હતી તે સૂચક છે. આ મૃતદેહો કોના હશે, તેની ભાળ મેળવવાના પ્રયાસ પણ કરાયો છે. ડીએનએ સેમ્પલ લેવાયાં છે. રાજકારણીઓ વચ્ચે એકમેક પર આરોપ-પ્રત્યારોપનો સિલસિલો શરૂ થઈ ગયો છે. ગંગા શુદ્ધીકરણનો હવાલો સંભાળી રહેલાં કેન્દ્રીય મંત્રી ઉમા ભારતી પણ આ મુદ્દે કશો જવાબ આપવાની સ્થિતિમાં નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી રાજનાથસિંહ આ સમાચાર જાણી સ્વાભાવિક રીતે જ વિચલિત થયા છે. રાજનાથસિંહે રાજય સરકારે આ બાબત ધ્યાને લેવી જોઈએ, એટલું નિવેદન કરીને માંડી વાળ્યું છે, પરંતુ એથી પ્રશ્ન ઊકલી જતો નથી. બસપા સુપ્રીમો માયાવતીએ આ મુદ્દે સીબીઆઈ તપાસ માગી છે. ગંગાનું પ્રદૂષણ અટકાવવા કેટલાક સાધુ સંતો અગાઉ જાનની બાજી લગાવી ચૂક્યા છે. રાજીવ ગાંધીના સમયથી 'ગંગા પ્રાધિકરણ' ચાલે છે, જેની પાછળ અબજોનું આધણ થઈ ચૂક્યું છે, છતાં ગંગાના ભાગ્યમાં 'શુદ્ધિ'નો યોગ સમજાવો બાકી છે. ગંગાજીના જ નોરતાથી વારાણસીની બેઠકનું પ્રતિનિધિત્વ કરવા પહોંચી ગયેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી ગંગાની કસમ ખાઈને વડાપ્રધાન સુધી પહોંચી શક્યા હોવા છતાં 'ગંગા સફાઈ' ફક્ત વારાણસીના ઘાટો પૂરતી જ સીમિત રહે તેથી વધુ કમનસીબ બાબત બીજી કઈ હોઈ શકે? સર્વોચ્ચ અદાલત ગંગા મુદ્દે સંવેદનશીલ છે. કેન્દ્ર સરકાર અને 'ઊઠાં' ભણાવતી રહી છે. હવે ૨૦૧૮ સુધીમાં ગંગાની સંપૂર્ણ શુદ્ધિનું વચન અપાઈ રહ્યું છે. શું આ અગત્સ્યના વાયદા જેવી ખાતરી છે કે કેન્દ્ર સરકાર ખરેખર આ મુદ્દે ગંભીર છે? સંક્રાન્તિ પર્વે ગંગામાં ડૂબકી લગાવી ધન્યતા અનુભવતી પ્રજાને આવો સવાલ કરવાનો જન્મસિદ્ધ અધિકાર હોવો જોઈએ.

# આજે સે-૧૨માં યુનિટી ફોર કવોલીટી એજયુકેશન ચિંતન શિબિર અને તૃતીય શૈક્ષણિક અધિવેશન યોજાશે

**કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજય કક્ષાના શિક્ષણમંત્રી નાનુભાઈ વાનાણી ઉપસ્થિત રહેશે : આ પ્રસંગે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરાયું**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા યુનિટી ફોર કવોલીટી એજયુકેશન ચિંતન શિબિર તથા તૃતીય જનરલ શૈક્ષણિક અધિવેશનનું તા. ૧૬મી જાન્યુઆરી ગુરુવારે સેકટર-૧૨ ખાતે રાજપૂત ભવન સામે આવેલ સ્વામિ વિવેકાનંદ માધ્યમિક શાળા ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ ચિંતન શિબિર રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષ સ્થાને યોજાશે અને સમારંભના ઉદઘાટક તરીકે રાજયકક્ષાના શિક્ષણમંત્રી નાનુભાઈ વાનાણી ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં પ્રાથમિક શિક્ષણ નિયામક આર.સી. રાવલ, ગુજરાત પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચંદુભાઈ જોષી તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના તમામ પાંચેય ધારાસભ્યો, જિલ્લા વિકાસ અધિકારી વિકટર મેકવાન, શિક્ષણ સમિતિના ચેરમેન ગાભુસિંહ રાઠોડ, તાલીમ ભવનના પ્રાચાર્ય ડૉ. ટી.એસ. જોષી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એમ.એન. રાઠોડ વગેરે ઉપસ્થિત રહેશે.

આ અધિવેશનમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા બાબતે ગાંધીનગર જિલ્લાની પાયલોટ પ્રોજેકટ તરીકે પસંદગી થવાથી શિક્ષણ સાથે જોડાયેલ તમામ અધિકારીઓ, પદાધિકારીઓ, બીઆરસી, સીઆરસી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ તેમજ જિલ્લા પ્રોજેકટ કચેરી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા જિલ્લા પ્રાથણિક શિક્ષક સંઘના તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત જિલ્લાની તમામ પ્રાથમિક શાળાના આચાર્યો અને શિક્ષકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમની સાથે બ્લડ ડોનશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# રવિવારે ગાંધીનગરમાં આયુ જ્યોતિષયમ્ પરિસંવાદનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના સેક્ટર-૧૭માં આવેલ સ્ટાફ ટ્રેનિંગ કોલેજના ઓડીટોરિયમમાં તા. ૧૮મી જાન્યુઆરીએ સવારે ૯.૦૦ વાગે આયુજ્યોતિષમ્‌ના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિસંવાદનું આયોજન અમદાવાદની નિસર્ગ આયુર્વેદ હોસ્પિટલ એન્ડ રિસર્ચ પ્રા.લિ. અને લકુલીશ યોગ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ છે. આ ઉપરાંત આ પરિસંવાદ પ્રસંગે નિસર્ગ આયુજ્યોતિષમ્ વિભાગનો ઉદ્‌ઘાટન સમારંભ પણ યોજાશે.

આ સમારંભમાં મુખ્ય મહેમાન પદે પ્રખ્યાત આયુર્વેદ તજજ્ઞ અને ગુજરાત સમાચારના આયુવેદના કટાર લેખક વૈદ્ય વત્સલભાઈ વસાણી અને ઉદેપુરની મહર્ષિ કોલેજ ઓફ વેદિક એસ્ટ્રોલોજીના ડીરેકટર વિકાસભાઈ ચૌહાણ ઉપસ્થિત રહી જ્યોતિષ એક વિજ્ઞાન વિષય પર વક્તવ્ય આપશે. આ ઉપરાંત અતિથિ વિશેષ પદે અમદાવાદની લકુલીશ યોગ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. બંસીધરભાઈ ઉપાધ્યાય લકુલીશ ગુરૂ પરંપરા અને યોગનું મહત્વ વિષય પર વક્તવ્ય આપશે. આ સમારંભમાં નિસર્ગ આયુર્વેદ હોસ્પિટલના નિસર્ગ જ્યોતિષમ વિભાગનું ઉદ્‌ઘાટન થશે. જેમાં ડૉ. ગૌરાંગ ત્રિવેદી માનદ્ સેવાઓ આપનાર છે.

## ગાંધીનગર સ્થિત ગુરૂ બ્રાહ્મણ સમાજના કુટુંબોની પરિચય પુસ્તિકા

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ ગાંધીનગર ઘટક દ્વારા ગાંધીનગરના વસતા ગુરૂ બ્રાહ્મણ સમાજના કુટુંબોની પરિચય પુસ્તિકા ગાંધીનગર ઘટક દ્વારા તૈયાર કરવાની કામગીરી ચાલુ છે. કોઈ પણ કુટુંબની માહિતી આપવાની બાકી રહી ગયેલ હોય તો આ સંસ્થા દ્વારા નિયત કરેલ ફોર્મમાં તા. ૨૦૧૩-૧૪ના વર્ષમાં સરકારી કચેરીમાં સીધી ભરતીથી વર્ગ-૧ વર્ગ-૨ તથા નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર જેવી જગ્યામાં નિમણુંક પામેલ સમાજની વ્યકિતએ તા. ૩૧મી જાન્યુઆરી સુધીમાં જમા કરાવવા પ્રમુખશ્રી દુષ્યંતકુમાર બી. શ્રીમાળીએ જણાવેલ છે. શ્રી દુષ્યંતકુમાર શ્રીમાળી પ્લોટ નં. ૬૦/૨, સેકટર-૩-ન્યુ, શ્રી સુખાનંદ એસ. શ્રીમાળી પ્લોટ નં.૯૪૧/૧, સેકટર-૨સી, શ્રી ચીમનલાલ રાજગોર પ્લોટ નં. ૬૧૮/૨, સેકટર-૫-બી, શ્રી કનુભાઈ એમ. શ્રીગોડ, પ્લોટ નં. ૪૨૮/૨, સે-૧૩-એમાં પહોંચાડવા મહામંત્રીશ્રી સુખાનંદ શ્રીમાળીએ જણાવેલ છે.

# દસકોશી પાંચ પરગણા ગુરૂબ્રાહ્મણ સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

શ્રી દશકોશી પાંચ પરગણા ગુરૂબ્રાહ્મણ સમાજનો સ્નેહ મિલન સમારોહ શારદાબહેનની વાડી મણીનગર અમદાવાદમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણના રાજ્યકક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરી અને સાંસદ સભ્ય કિરીટભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત ગુરૂબ્રાહ્મણ સમાજના પ્રમુખ ગૌતમભાઈ ગેડિયા અને અતિપછાત જાતિ નિગમના ચેરમેન પ્રવીણભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં મણીનગર વિસ્તારના કોર્પોરેટર કિરણભાઈ શ્રીમાળીએ આવકાર પ્રવચન કરીને સંસ્થાની વિકાસલક્ષી પ્રવૃત્તિની રૂપરેખા આપી હતી. સમાજવાડી અને સમુહલગ્ન બંને બાબતોની પણ માહિતી આપવામાં આવી હતી. વક્તાઓએ સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારી સ્વરોજગારી વિષયક પ્રવૃત્તિ કરવા સૂચનો આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સહાયક માહિતી નિયામક ભાનુભાઈ દવેએ કર્યું હતું.

આ પ્રસંગે અમદાવાદ શહેર ઘટકના પ્રમુખ સી.એન. જોશી, નાયબ વીમા નિયામક અમૃતભાઈ શ્રીમાળી, સમાજના ટ્રસ્ટના પ્રમુખ મગનભાઈ દવે, મહેશભાઈ શ્રીમાળી ધોળકા, ભદ્રકુમનાર પંડ્યા અને અશોકભાઈ દવે, મુકેશભાઈ શ્રીમાળી, અમદાવાદ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ગુજરાત ગુરૂબ્રાહ્મણ સમાજના સંગઠન મંત્રી જીતુભાઈ દવે, મંત્રીશ્રી ત્રીભુવનભાઈ શ્રીમાળી, ગાંધીનગર ઘટકના મહામંત્રી સુખાનંદ શ્રીમાળીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે કિરણ શ્રીમાળી પ્રમુખ, રાજુભાઈ શ્રીમાળી બી.એસ.એન.એલ., ભાનુપ્રસાદ શ્રીગોડ ખજાનચી, જીતુભાઈ દવે એડવોકેટ, મહેશભાઈ, મનહરભાઈ, મણીલાલભાઈ બારેજા, મગનલાલ મહિજડા, શ્રવણકુમાર કરોલી અને ત્રીભોવનભાઈ સહિતના ભાઈ બહેનોએ ભારે મહેનત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમમાં બહેનો પણ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

## બી.પી. કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝમાં આર્ટ-ક્રાફ્ટ વર્કશોપ અને વિદાય સમારંભ આયોજન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલ કડી સર્વ વિદ્યાલય કેમ્પસની બી.પી. કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ ખાતે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કોલેજોને આવરી લેતો કાર્યક્રમ અક્ષ-એન એક્સપ્લોરેશન ઓફ એટીટ્યુડ, નોલેજ, સ્કીલ એન્ડ હાર્ડવર્ક યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ તા. ૧૬મીથી ૧૭મી જાન્યુઆરી દરમ્યાન યોજાશે. જેમાં પહેલા દિવસે આર્ટ એન્ડ ક્રાફ્ટ વર્કશોપ અને બીજા દિવસે અક્ષ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન અને વિદાય સમારંભ યોજાશે.

## નરસિંહ મહેતાની ૬૦૦મી જન્મ જયંતિએ કલાગુર્જરી દ્વારા સંગીતસભર કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરની કલાગુર્જરી સંસ્થા દ્વારા તા. ૧૭મી જાન્યુઆરીએ નરસિંહ મહેતાની ૬૦૦મી જન્મજયંતિ પ્રસંગે તેમના પ્રભાતિયાં, ગીતો, રાસ અને અન્ય રચનાઓનો સંગીતસભર કાર્યક્રમ 'ભલે નરસૈયો...'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ રાત્રે ૯.૩૧ વાગે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે યોજાશે.

ગુજરાતના જાણીતા લોકપ્રિય સંત કવિ નરસિંહ મહેતાની ૬૦૦મી જન્મ જયંતિએ આયોજિત આ કાર્યક્રમમાં કલ્યાણી કૌઠાળકર, દિવ્યાંગ અંજારિયા, પ્રહર વોરા તથા હસમુખ પાટડીયાના કંઠે નરસિંહ મહેતાની રચનાઓ રજુ કરાશે. આ કાર્યક્રમમાં ઉદઘોષક માર્ગી હાથી રસદર્શન કરાવશે. આ કાર્યક્રમમાં કલા ગુર્જરીના તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

## રવિવારે સે-૨-ડીમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સેકટર-૨-ડી ખાતે રવિવારે સવરે ૯ વાગે મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્થાનિક રહીશો દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. આ સ્વચ્છતા અભિયાન સે-૨ વસાહત મંડળ દ્વારા ગાંધીનગર મહાનગર પાલિકાના સહયોગથી યોજવામાં આવ્યું છે.

આ સ્વચ્છતા અભિયાનમાં વોર્ડ નં. ૧૧મા તમામ કોર્પોરેટરોજેમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન આશિષભાઈ દવે, મનપાના નેતા મનુભાઈ પટેલ, રમીલાબેન પરમાર વગેરે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત સ્થાનિક અગ્રણીઓ જગદીશભાઈ ધીનાણી, સુભાષભાઈ નાયી, અશ્વિનભાઈ દરજી, ભાગ્યેશભાઈ પટેલ વગેરે પણ ઉપસ્થિત રહેશે. આ સફાઈ અભિયાનનો પ્રારંભ સે-૨-ડીના પ્લોટ નં. ૧૬૬૮/૧ સામે આવેલા ચબુતરા પાસેથી કરવામાં આવશે. જેનો તમામ વસાહતીઓનેઆ કાર્યક્રમ સફળ બનાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## હરિની દૃષ્ટિ...



આપણે ઉતરાયણ બાદ ગુંચ ઉકેલતા આટલો સમય લાગ્યો, તો બહેનને વાઇબ્રન્ટ આટોપતા કેવું થયું હશે...?

# ગરીબી રેખા નીચે જીવતા પરિવારો માટે ઓર્થોપેડીક સારવાર વિના મુલ્યે કરવા આરોગ્ય મંત્રીને અપીલ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા રાજ્યના આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલ સમક્ષ ગરીબીરેખા હેઠળ જીવતા લોકોને હાડકાની સર્જરીઓ અને સારવાર વિના મૂલ્યે કરવા અપીલ કરવામાં આવી છે. નાગરિક પરિષદના મતે દુનિયાભરમાં આરોગ્ય ક્ષેત્રે હૃદય, મગજ, કિડની, કેન્સર જેવી ગંભીર બિમારીઓ પુરતી રાહત આપવામાં આવી છે, પરંતુ એમાં ગરીબ અને કચડાયેલા વર્ગો માટે હાડકાની ગંભીર બિમારીઓનો પણ સમાવેશ કરવો જોઈએ.

પરિષદના અને હાડકાની ગંભીર બિમારીઓ અને તેની સારવાર જેવી કે પ્લેટ નાંખવી, સળિયા નાંખવા, સ્ક્રૂ ફીટ કરવા, થાપાના બોલનું રિપ્લેસમેન્ટ વગેરે ખુબ મોંઘી અને ખર્ચાળ હોવાથી ગરીબ પરિવારો માટે ભારે આર્થિક નુકશાન સમી બની રહે છે. જેના કારણે તેમને જીવનભર આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવાનો રહે છે. આ ઉપરાંત આ સારવાર ખર્ચાળ હોવા સાથે તેના ખૂબ મોંઘા સાધનોનો ઉપયોગ થાય છે જેને ખરીદી ના શકતા નબળા પરિવારના વ્યક્તિને સારવાર અધુરી રહે છે જેના કારણે જીંદગીભર ખોડ-ખાંપણ રહી જવા પામે છે. અથવા દર્દ સાથે જીવન વિતાવવુ પડે છે. શહેર નાગરિક પરિષદ દ્વારા રાજ્યના આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલને આ બાબતે ધ્યાન દોરતા ગરીબીરેખા નીચે જીવતા પરિવારો માટે ઓર્થોપેડીક સારવાર નિઃશુલ્ક કરવા અપીલ કરવામાં આવી છે.



## રવિવારે મુકિતધામ ખાતે સંત લાલાબાપાની મૂર્તિની સ્થાપના કરાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા સે-૩૦ના મુકિતધામ અંતિમધામ ખાતે તા. ૧૮મી જાન્યુઆરી રવિવારે સવારે ૯.૩૦ વાગે સંત પૂ. લાલા બાપાની મૂર્તિની સ્થાપના કરવામાં આવનાર છે. આ મૂર્તિની સ્થાપના કાર્યક્રમમાં ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા તમામ જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# પી.કે.ચૌધરી મહિલા કોલેજમાં વિવિધ દિવસોની ઉજવણી

ગાંધીનગર, તા.૧૫

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓએ તાજેતરના મુદ્દાઓને આવરી લેતા જેમ કે વિશ્વ શાંતિ દિન (સફેદ ડ્રેસ) પર્યાવરણ જાળવણી દિન (લીલો ડ્રેસ) પરંપરાગત દિન (નારંગી ડ્રેસ) તેમજ શાળા-સહી દીન, મહિલા નેતૃત્વ દિન, ચોકલેટ દિન અને મીસ મેચ ડે ની ખુબ જ ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી.

તા. ૨જી જાન્યુઆરીથી તા. ૮મી જાન્યુઆરી ૨૦૧૫ સુધી ત્રિરંગા રંગના કપડા પહેરી રાષ્ટ્રીય ભાવના જાગૃત કરી વૃક્ષારોપણ કર્યું હતું તેમજ વિશ્વની શ્રેષ્ઠ મહિલાઓનો રોલ ભજવી મહિલા સશકિતકરણનો સંદેશો સમાજને પહોંચાડયો હતો. વિદ્યાર્થીનીઓએ અધ્યાપકોની સહી લઈ હંમેશ માટે કોલેજના દિવસોને યાદગાર બનાવા પ્રયત્ન કર્યો હતો. આચાર્ય ડો. શ્રી ઉર્મિલાબેન ચૌધરીએ પ્રોત્સાહિત કરેલ હતા. કાર્યક્રમનું આયોજન પ્રા. ગીતાબેન ચૌધરી તેમજ સોનલબેન અને પ્રા. મુન્નાબેને કર્યું હતું.

# લગન ઇચ્છુક યુવક-યુવતીઓના અરમાનોનો ભુક્કો ભોલાવતા મંગળ અને શનિ...

**સમાજ ચિંતન**

**પોપટલાલ પ્રજાપતિ**

લગ્નની મોસમમાં વસંત ખીલી છે, સમુહ લગ્નોની મોસમ પણ પુરબહારમાં છે કયાંક કોઇ સમાજમાં પસંદગી મેળાના આયોજન થાય છે. પસંદગી મેળાના પ્રવેશ ફોર્મમાં એક કોલમ અચુક જોવા મળે છે. કુંડળીમાં મંગળ/શનિ છે? સામાન્ય રીતે લોકમાન્યતા એવી છે કે જેની કુંડળીમાં મંગળ હોય તેને સામેનું પાત્ર પણ મંગળવાળુ જ જોઇએ નહિતર આ જોડી ટકે નહિ. વડીલોની આ માન્યતાના કારણે કેટલાય યુવક યુવતીઓના અરમાનો રગદોળાઇ જાય છે. કોઇ પાત્ર બધી જ રીતે સંપૂર્ણ હોય પણ તેની કુંડળીમાં મંગળ પડી ડાય તો ખલાસ, આ સંબંધ આગળ વધતો અટકી જાય છે. ૩૦ વર્ષની એમ.બી.એ. થયેલી એક યુવતી સ્માર્ટ અને દેખાવડી છે. ઇન્કમ પણ સારી છે. ગુણિયત અને સમજુ હોવા છતાં તેની સાથે લગ્ન કરવા માટે કોઇ યોગ્ય મુરતિયો મળતો નથી. કારણ કે યુવતીની જન્મકુંડલીમાં મંગળ છે તે પોતે આવી અંધશ્રદ્ધામાં માનતી ન હોવા છતાં ખરેખર તેને મંગળ નડતો નથી પણ તેના વડીલો નડે છે એમ જ કહેવું પડે. યુવતીની ઉંમર વધતી જાય છે, પરિણામે તે લગ્નના ટેન્શનમાંથી મુક્ત થઇ સકતી નથી. જો મંગળ શબ્દનો અર્થ જ 'મંગળકારી' એવો થતો હોય તો આ મંગળ કોઇનું અમંગળ કરે જ કેવી રીતે?

એક અજબ ઘટના જાણવા જેવી છે એક યુવતીનું સગપણ એક યુવક સાથે થયું. બંને એક બીજાને ખુબ પ્રેમ કરતાં. બંને સાથે હર્યાફર્યા, મોજમજા કરી એકબીજાના સ્વભાવને અનુકૂળ થઇ શકાશે તેવો વિશ્વાસ બેઠો. એક સમય એવો આવ્યો કે બંને રોજ એક એક કલાક કે તેથી વધુ ફોન પર વાતચીત ન કરે ત્યાં સુધી ચેન ન પડે તેવો મેળ જામી ગયો પણ એક દિવસ યુવક પર એક નનામો પત્ર આવ્યો. 'છોકરીને મંગળ છે.' અને પછી યુવકના મનમાં શંકાનો કીડો સળવળ્યો, ઘરમાં વડીલોને વાત કરી અને તપાસ કરતાં વાત સાચી નીકળી અને વડીલોએ આ સંબંધ તોડી નાખ્યો. બંને વચ્ચે થયેલો મનમેળ એક અદૃશ્ય મંગલે તોડી નખાવ્યો... કેવી અંધશ્રદ્ધા...?

વિચરવા જેવો પ્રશ્ન એ છે કે મંગળ હિન્દુઓની પાછળ જ કેમ પડયો હશે? શું મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી કે અન્ય કોમોમાં કોઇને મંગળ નડતો નહિ હોય? અમેરિકા, રશિયા, જાપાન, ચીન, બ્રિટન જેવી મહાસત્તાઓના નાગરિકોને કોઇને મંગળ કેમ નડતો નથી? ફુટપાથ પર જીંદગી ગુજારતા લોકોને કેમ મંગળ નડતો નહિ હોય? જેઓ જન્માક્ષરમાં માનતા જ નથી એમના ઘરમાં મંગળ કેમ પ્રવેશ નહિ કરતો હોય? લગ્ન પહેલાં મંગળની વિધિ કરાવનાર દંપતિનું દાંપત્યજીવન તો સુખી હોવું જોઇએ ને? તેમના છુટાછેડા કેમ થાય છે? જન્મકુંડળી જોઇને લગ્ન કરનારના પણ છુટાછેડા કેમ થયા હશે? ઐશ્વર્યા રાયને ભારે મંગળ હોવાની જયોતિષીઓની જાહેરાત પછી મોટો ખર્ચ કરી તેની વિધિ કરાવનાર બચ્ચન પરિવાર પાસેથી અશિક્ષિત અને અજ્ઞાન લોકો શો બોધપાઠ લે? એક દુઃખદ ઘટના એ બની કે એક કન્યાના લગ્ન થયા. પાંચ વર્ષે તેમના લગ્નજીવનમાં ભંગાણ પડ્યું. બંને વચ્ચે મેળ ન જામતાં અંતે છુટાછેડા થયા. જયોતિષીની સલાહ લેતાં જયોતિષે કહ્યું કન્યાને ભારે મંગળ છે એની વિધિ કરાવવામાં નહિ આવે તો આ કન્યાનું આ વિધિ અમુક જગ્યાએ અમુક દિવસે જ (આવો દિવસ વર્ષમાં એક જ વાર આવે) કરવી પડે નહિતર તેનું ફળ મળે નહિ. વળી આ વિધિ કરાવવામાં ૨૦ થી ૨૫ હજારનો ખર્ચ આવે. કન્યાના માતાપિતા સામાન્ય પરિસ્થિતિવાળા હતા તેઓ મુંઝાયા. આટલા રૂપિયા લાવવા કયાંથી? આ ગરીબ પરિવારે મંગળનું શું ખરાબ કર્યું હશે કે તેણે એક નિર્દોષ કન્યાનું જીવતર રોળી નાખ્યું? કન્યાના એક સંબંધીએ બીજા જયોતિષીને આ કુંડળી બતાવતાં તેણે કહ્યું કે કન્યાને કોઇ પ્રકારનું નડતર નથી, ન મંગળનું કે ન શનિનું... શું બધા જયોતિષીઓના ચોપડા અલગ અલગ હશે? વધુ દુઃખની વાત એ છે કે મુળ ભારતીય પણ જેનો જન્મ જ અમેરિકામાં થયો હોય તેવા યુવક-યુવતી ભારતમાં લગ્ન કરવા આવે અને સૌ પ્રથમ જન્માક્ષર જોવા માગે ત્યારે એમની અજ્ઞાનતા પર હસવું કે રડવું તે જ ખબર ન પડે?

અમુક ગ્રહ ઉચ્ચનો અને અમુક ગ્રહ રાશિના નીચનો બને તેનુ હજુ સુધી કોઇ વૈજ્ઞાનિક પ્રમાણ મળતું નથી. એક વ્યક્તિ પ્રવાસમાં જતા પહેલાં જયોતિષીની સલાહ લેતા ગયા. મહારાજ, મારા પ્રવાસમાં કોઇ વિઘ્ન નહિ આવે ને? જયોતિષીએ સફળયાત્રા પ્રવાસનું સર્ટી આપી દક્ષિણા લઇ લીધી. કમનસીબે તે બસને એક્સીડેન્ટ થયો. આ વ્યક્તિને પગે ફ્રેંકચર જ થયું તે સારું ફળ જ કહેવાય નહિતર તમારા જીવનું જોખમ હતું, તેમાંથી ગ્રહે તમને બચાવી લીધા, ગ્રહોની શુભ અસર તમને લાભ કરી ગઇ... પૃથ્વી પર આશરે સાતેક અબજની વસ્તી હશે તેમાં ગ્રહોની અસર ફક્ત હિન્દુઓને જ થાય તે અચરજની વાત નથી? એક જ રાશિના બે વ્યક્તિ વચ્ચે પણ કેટલું બધું અંતર હોય છે? દા.ત. તુલા રાશિમાં 'રામ' પણ આવે અને 'રાવણ' પણ આવે. એક જ રાશિ વચ્ચે આટલું બધુ અંતર કેમ? આ બાબત જ સાબિત કરે છે કે રાશિફળ અને જયોતિષ તેમજ ગ્રહદશા એક ઊભી કરેલી માયાજાળ છે. મુહુર્ત, ચોઘડીયા, આ બધું ભારતીય જીવનનું જાણે કે એક અંગ બની ગયું છે. શુભ ચોઘડીયામાં શરૂ થયેલી પેઢીઓને પણ ઊઠી જતાં વાર લાગતી નથી. ૧૨.૩૯ મિનિટે થયેલા હસ્તમેળાપના ખુબ ભુંડી રીતે છુટાછેડા થયેલા જોવા મળ્યા છે. લગ્ન જીવન ચોઘડીયા કે ગ્રહોના આધારે નભતા નથી, પરસ્પરનો પ્રેમ, વિશ્વાસ, લાગણી, સ્વાર્પણ અને સમજણ ઉપર જ તે ટકતા હોય છે. હિન્દુઓમાં અમુક તિથિઓ એક જ દિવસે હજારોની સંખ્યામાં લગ્નો થતા હોય છે. તેમાં બધા જ લગ્નો સફળ થતા નથી.

આવું જ તુત શનિની પનોતીનું ચાલે છે. જન્મની રાશિને હિસાબે ચોથે કે આઠમે શનિ હોય તેને માથે પનોતી બેઠી એમ કહેવાય છે. આ નાની પનોતી કહેવાય. પણ બારમે શનિ હોય તો તે મારી 'પનોતી' કહેવાત અને તે સાડા સાત વર્ષની હોય. અઢી વરસની ત્રણ, માથે છાતીએ અને પગે ત્રણ તબક્કે તે ત્રણ અંગોને ઝપટમાં લઇ લે. તે લોઢાના પાયે, તાંબાના પાયે કે રૂપાના પાયે હોય. આ પ્રમાણે તેની વિધિ પણ કરવી પડે. શનિ મહારાજ કારણ વગર કોઇને નડે આ મગજમાં ન બેસે તેવી વાત છે પણ પનોતીના નામથી જ લોકો ગભરાઇ જયોતિષના શરણે જાય છે અને જયોતિષ તેની કરામત કરી લે છે. પૃથ્વીથી એક અબજ માઇલ દૂર આવેલ એક ગ્રહ અમુક જ વ્યક્તિને નિશાન બનાવે આ કઇ જાતની અંધશ્રદ્ધા? આ કઇ જાતની ફિલસૂફી. જયાં સુધી આપણે વૈજ્ઞાનિક અભિગમ કેળવીશું નહિ ત્યાં સુધી આપણે આવી માયાજાળમાંથી છુટી શકીશુ નહીં.

જયોતિષે કરેલા ફળકથન ઘણીવાર દ્વિઅર્થી હોય છે. યજમાનની જે પ્રમાણે દશા થાય તે પ્રમાણે તેનું અર્થઘટન કરાય છે. દા.ત. કોઇ પાપી કે દુરાચારીને કેન્સર થાય તો તેણે કર્યા કરમ ભોગવવા જ પડે ને? તેવું કહેનાર વર્ગ રમણ મહર્ષિને કેન્સર થતાં એવું કહે કે ભગવાન હંમેશા ભક્તોની કસોટી કરે છે. આવુ તુત ચલાવવાની મજબુરી એ પણ એક ગ્રહદશા ન કહેવાય?